**<u>વ્યારાના મહે. એડીશ્નલ ચીફ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**

**<u>મુકામ–વ્યારા</u>**

**ક્રિમીનલ કેસ નં.૭૨૦/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદી–** શ્રી સરકાર

વિરૂદ્ધ

**આરોપી –** ૧. નાસીરભાઇ શેખચાંદ શેખ,
રહે.વ્યારા, દાદરી ફળીયું, તા.વ્યારા, જી.તાપી.

૨. શેખભીખનભાઇ ઉસ્માનભાઇ કાકર,
રહે.વ્યારા, મગદુમનગર, તા.વ્યાર, જી.તાપી.

૩. હનીફ ગમીર શેખ,
રહે.વ્યારા, મહાદેવનગર, સાંઇબાબાના મંદિર પાસે,
તા.વ્યારા, જી.તાપી.

૪. રોશનસા રમઝાનસા શાહ,
રહે.વ્યારા, મગદુમનગર, મસ્જીદપાસે,
તા.વ્યારા, જી.તાપી.

**<u>–:ચુકાદો:–</u>**

(૧) આ કામના આરોપીઓ વિરૂદ્ધ અત્રેની અદાલતમાં જુગાર ધારા કલમ ૧૨ મુજબ ત.ક. અમલદારે ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુનાની કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, ગરીબ અને મજૂર વર્ગનાં માણસ છે જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવું સમજાવવામાં આવેલ છે તેમ છતાં સ્વૈછીક રીતે ગુનો કબુલ કરવા માંગે છે.

(૩) આરોપીઓ સામે જુગાર ધારા કલમ ૧૨ અન્વયેના ગુનાનું તહોમત છે તેમજ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપીઓ ગરીબ અને મજુર વર્ગના જણાય આવે છે. આરોપી કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને બાળબચ્ચાની જવાબદારી છે.

ગરીબ સ્થિતીને લીધે બચાવ કરવા સક્ષમ નથી. આ ઉપરાંત ગુનો કર્યાનો અફસોસ વ્યક્ત કરેલ છે. અને ભવિષ્યમાં ગુનો નહિં કરવાની ખાત્રી આપે છે. જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન, મોભા સાથે જીવી શકે તેવા પ્રયત્ન કરી શકે તેમ છે. આ ઉપરાંત નામ. ગુજરાત વડી અદાલતના **૨૦૦૫(૧) જી.એલ. એચ. પાના નં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરસિંહ હરીચંન્દ્ર ઠાકોર**નાં કેસમાં ડીવીઝન બેન્ચે એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઇ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની પ્રથા છે. ઉપરોક્ત ચુકાદામાં પાના નં. ૭૨૧ પર પેરા ૨૧ માં જણાવેલ છે કારણો તેમજ સદર ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેતાં, સદર ચુકાદો આરોપીઓનાં કેસને મદદરૂપ થાય છે. આરોપીઓની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઇ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત જણાય છે જેથી સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયનાહિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-::હુકમ::-**

આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૨૭૫ નાં પ્રબંધો અન્વયે જુગાર ધારા કલમ-૧૨ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી, પ્રત્યેક આરોપીને રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) મળી કુલ રૂપીયા ૫૦૦*૪=૨,૦૦૦/- નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામે મુદ્દામાલ પાવતીમા જણાવ્યા પ્રમાણેની રોકડ રકમ સરકાર ખાલસા કરવી તથા અન્ય મુદ્દામાલનો નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજ તા.૧૧, માહે, જુલાઇ સને ૨૦૨૬ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.

તારીખ:૧૧/૦૭/ ૨૦૨૬

સ્થળ: વ્યારા.

**(મનીષ દિલીપભાઇ નંદાણી)**
એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ,
તાપી મુ.વ્યારા.
**(Code : GJ-847)**